
## મૂળ પાલનપુરના પ્રણવ મિસ્ત્રીની સિદ્ધિ

# કૃત્રિમ મનુષ્ય એટલે કે આર્ટિફિસીયલ હ્યુમનનું કર્યું નિર્માણ

વૈશ્વિક ટેકનોલોજીમાં ગુજરાતીઓના પ્રદાનની વાત થાય ત્યારે મોટા ભાગે આપણે સામ પિત્રાડાના નામ પાસે અટકી જઈએ છીએ. જોકે એ વાત જૂની થઈ ગઈ. મૂળ ગુજરાતના અનેક પ્રતિભાશાળી યુવકો અને યુવતિઓ ટેકનોલોજી ક્ષેત્રે જબરજસ્ત કામ કરી રહ્યાં છે.



એવું જ એક નામ છેઃ પ્રણવ મિસ્ત્રીનું. સામ પિત્રોડાની જેમ છે તે સુથારનો છોકરો છે. તેમણે અત્યાર સુધી સેંકડો અવનવી શોધ કરી છે. તેઓ સંશોધક છે, વૈજ્ઞાનિક છે.

તાજામાં તાજું તેમનું સંશોધન એટલે કૃત્રિમ માણસ. ભારતમાં એક માણસ બીજા માણસને બનાવવામાં વ્યસ્ત છે તો અમેરિકામાં માણસ જેવો માણસ બનાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. સ્ટાર અકિલા લેબ્સના સીઈઓ શ્રી પ્રણવ મિસ્ત્રીએ સામાન્ય માણસ જેવા જ લાગતા અને વ્યવહાર કરતા કૃત્રિમ માણસનું સર્જન કર્યું છે તેને દ્વઈદ્ર નિઓન એવું નામ અપાયું છે.

વિશ્વના સૌથી મોટા કન્ઝ્યુમર ઇલેક્ટ્રોનિક્સ શોમાં સ્ટાર લેબ્સે આર્ટિફિશિયલ હ્યુમન રજૂ કર્યો હતો. તેનો દેખાવ માણસ જેવો છે, તે માણસની જેમ વાતચીત કરી શકે છે અને સહાનુભૂતિ પણ વ્યક્ત કરી શકે છે. અમેરિકાના કેલિફોર્નિયાસ્થિત સ્ટાર્ટઅપ સ્ટાર લેબ્સ કંપની દક્ષિણ કોરિયાની સેમસંગનું સહાયક યુનિટ છે. પોતાના નિર્માણ અંગે પ્રણવભાઈ કહે છે કે આ અનોખી અને આધુનિક ટેકનિકના સહયોગથી ડિઝિટલ બિઈંગ્સને તૈયાર કરી શકાશે, જે ડિસપ્લે કે વીડિયો ગેમ્સમાં નજરે પડશે, તેમને ટીવી એન્કર, પ્રવક્તા, ફિલ્મ કલાકાર કે સાથી અને મિત્ર જેવા સ્વરૂપમાં ડિઝાઈન પણ કરી શકાશે. તેઓ કહે છે કે આ રીતે ડિઝિટલ બિઈંગ્સનું સર્જન કરવું જાદુ જેવું લાગે છે.

આ બધી માહિતી વાંચતાં આપને પ્રતીતિ થઈ જ હશે કે મૂળ પાલનપુરનો આ છોકરો કમાલનો છે. આખી દુનિયા અત્યારે ટેકનોલોજી પર દોડી રહી છે અને આ યુવક ટેકનોલોજીનાં ખાં છે. તેની પાસે જબરજસ્ત મગજ છે. એ મોટા ગજાનો સંશોધક છે. અવનવી શોધ-ખોળ કરીને તે વિશ્વને અચંબામાં નાખી રહ્યો છે.

મૂળ વાત એ છે કે તેની આ સજ્જતાનો લાભ આપણા રાજ્ય ગુજરાત અને દેશ ભારતને કઈ રીતે મળે ? આપણા રાજ્ય કે દેશ માટે આપણે વતન માટે પૈસારૂપી રોકાણ લઈ આવતા હતા એ વાત હવે જૂની અને અપ્રસ્તુત થઈ ગઈ. હવે સુખાકારીમાં ટેકનોલોજીના પ્રયોગ અને ઉપયોગનો જમાનો આવ્યો છે. દરિયાપાર આશરે બે કરોડ એનઆરઆઈ વસે છે તેમાં ૭૦ લાખ ગુજરાતીઓ છે. તેમાં સફળ ઉદ્યોગપતિઓ, વેપારીઓ, ડોકટરો, એન્જિનિયરો, સ્થપતિ જેવા પ્રોફેશનલ્સ, કળાકારો, સંશોધકો અને વૈજ્ઞાનિકો પણ છે. ઋતા દેસાઈ નામની મૂળ અમદાવાદની દીકરી પણ સંશોધક અને વૈજ્ઞાનિક છે. તે હમણાં આઈઆઈટી અમદાવાદ અને મુંબઈમાં વ્યાખ્યાન આપવા આવી હતી. આ નાનકડી છોકરીએ પણ કમાલનાં સંશોધનો કર્યાં છે. આ બધા પ્રતિભાશાળી મૂળ ભારતીયોને એક મંચ પર લાવીને ભારતની વિવિધ સમસ્યાઓના ઉકેલ માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવાનો પ્રયાસ કરવો જોઈએ.

## કોણ છે આ પ્રણવ મિસ્ત્રી? તેમને ઓળખવા જેવા છે

મૂળ ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના પાલનપુરમાં જન્મેલા પ્રણવ મિસ્ત્રી કમ્પ્યુટર વૈજ્ઞાનિક અને સંશોધક છે. તેમણે હૈદારાબાદમાં માઈક્રોસોફ્ટ કંપનીમાં જોબ સ્વીકારી હતી. એ પછી સ્પોન્સરશીપ મેળવીને પીએચડી કરવા તેઓ અમેરિકા ગયા. ત્યાં તેઓ 'સિકસ્થ સેન્સ'ના સંશોધક બન્યા. 'સિકસ્થ સેન્સ' એક એવું ઉપકરણ છે જેમાં હાર્ડવેરના વિવિધ ભાગોને ગળામાં લટકાવી શકાય તેવા મોબાઈલમાં ડિવાઈસ ફીટ કરેલા હોય છે. ખિસ્સામાં રાખેલા મોબાઈલ કમ્યુટિંગ ડિવાઈઝ સાથે બ્લુટુથ દ્વારા પ્રોજેકટર અને કેમેરા જોડેલા હોય છે. પ્રણવભાઈએ માઈક્રોસોફટ, ગુગલ, નાસા, યુનેસ્કો, કોર્નેગી મેલોન યુનિવર્સિટી અને જાપાન સાયન્સ એન્ડ ટેકનોલોજી જેવી કંપનીઓમાં કામ કર્યું છે.

૧૪ મે, ૧૯૮૧ના રોજ પાલનપુરમાં જન્મેલા પ્રણવભાઈનાં માતાનું નામ નયનાબેન મિસ્ત્રી અને પિતાનું નામ કિર્તીભાઈ કરશનદાસ મિસ્ત્રી છે. પ્રણવભાઈ 'ઝોમ્બી'ના હુલામણા નામે પણ ઓળખાય છે. તેમણે અમદાવાદની પ્રતિષ્ઠિત નિરમા યુનિવર્સિટીમાંથી કૉમ્પ્યુટર સાયન્સ અને એન્જિનિયરિંગમાં બેચલરની ડિગ્રી મેળવી છે. તેમણે ઈન્ડસ્ટ્રિયલ ડિઝાઈન સેન્ટર, આઈઆઈટી-મુંબઈમાંથી માસ્ટર ઓફ ડિઝાઈનની ડીગ્રી મેળવી છે અને મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (એમઆઈટી)માંથી મીડિયા આર્ટ્સ એન્ડ સાયન્સમાં માસ્ટર ઓફ સાયન્સની ડિગ્રી મેળવી છે. એ પછી તેઓ એમઆઈટીની મીડિયા લેબમાં ડોકટરેટ (પીએચડી) કરવા માટે રીસર્ચ આસિસ્ટન્ટ બન્યા હતા. તેમના સંશોધનનાં વિષય-ક્ષેત્રોમાં વેરેબલ કમ્પ્યુટિંગ, ઓગમેન્ટેડ રિઆલીટી, યુબિકટોસ કમ્પયુટિંગ, જેસ્ચુરલ ઈન્ટરેકશન, આર્ટીફિસિયલ ઈન્ટેલિજન્સ, મશિન વિઝન, કલેક્ટિવ ઈન્ટેલિજન્સ અને રોબોટીક્સનો સમાવેશ થાય છે.

આંતરરાષ્ટ્રીય ફલક પર પ્રણવભાઈ ઘણાં સન્માનો મળ્યાં છે. પોપ્યુલર સાયન્સ દ્વારા સિક્સ્થ સેન્સના સંશોધનને ૨૦૦૯ ઈન્વેનશન એવોર્ડ દ્વારા સન્માનીત કરાયું હતું તો તેમણે ટેકનોલોજી રીવ્યુ દ્વારા ઈ૩૫ ૨૦૦૯ એવોર્ડ પણ મેળવ્યો હતો. સને ૨૦૧૦માં ક્રિએટીવ મેગેઝીને તેમને ક્રિએટીવીટી ૫૦માં નામાંકિત કર્યા હતા.

ક્રિસ એન્ડરસન કહે છે કે પ્રણવ મિસ્ત્રી અત્યારના સમયગાળાના 'વિશ્વના ત્રણ સર્વશ્રેષ્ઠ સંશોધકો' પૈકીના એક છે. જીક્યુ ઈન્ડિયાએ પ્રણવભાઈને અત્યંત શક્તિશાળી ડિઝિટલ ભારતીય ગણાવ્યા હતા તો ઈન્ડિયા ટુડેએ તેમને 'ભવિષ્યના ૩૭ ભારતીયો'માં સ્થાન આપ્યું હતું. આ ઉપરાંત કમ્પ્યુટર સાયન્સના ક્ષેત્રમાં આગવું યોગદાન આપવા બદલ વર્લ્ડ ઈકોનોમિક ફોરમે ૨૦૧૩ના 'યંગ ગ્લોબલ લીડર'માંથી એક તરીકે તેમને સન્માનિત કર્યા હતા.



## જાહેરમાં પતંગ-દોરીનો કચરો બાળ્યો

ગાંધીનગરમાં જાહેરમાં કચરો બાળવા પર પ્રતિબંધ છે તેમ છતાં શહેરમાં જાહેરમાં કચરો બાળવાની ઘટના છાશવારે બનતી રહે છે. આ ઘટના ઉત્તરાયણના પર્વ દરમ્યાન વધી જવા પામી હતી જેનું મુખ્ય કારણ ફાટેલી પતંગો અને નકામી દોરીના ગુંચડા હતા. શહેરમાં માર્ગો પર, વસાહતોમાં, સોસાયટીઓમાં ઠેર ઠેર કપાયેલા, ફસાયેલા કે ફાટી ગયેલા પતંગો વેરવિખેર હાલતમાં જોવા મળતાં હતા. તે સાથે પતંગની દોરીઓ પણ લટકતી-ભટકતી ગૂંચડા થયેલી અઢળક પ્રમાણમાં જોવા મળતી હતી જેનો એકસાથે નિકાલ કરવા સરળ રસ્તા રૂપે તેને જાહેરમાં જ બાળી નાંખવાનો વિકલ્પ કેટલાક નગરજનો તથા સફાઈ-કર્મીઓએ અપનાવ્યો હતો.



## ચિલોડામાં ઉંધિયુ-જલેબી-ફાફડાની જયાફત માણી ઉત્તરાયણ ઉજવી

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા જંકશન મથકે આજુબાજુ ગામોના અસંખ્ય તહેવારપ્રિય લોકોએ ચિલોડા સ્થિત સ્વીટમાર્ટ અને સ્ટોલો દ્વારા મોટાપાયે ઉંધીયુ-જલેબી-ફાફડા, ખમણનું ધૂમ વેચાણ કરતા લોકોએ ખરીદી કરવા ભારે ભીડ જામી હતી. આમ ઉત્સવપ્રિય ઉત્તરાયણમાં ઉંધીયુ, જલેબી અને ફાફડા સ્વાદિષ્ટ વાનગીઓ ખાવા-પીવાના રસિકોએ મનભેર જયાફત માણી ભવ્ય ઉજવણી કરી હતી.

# ગુજરાતની વિકાસ-પતંગને આકાશમાં વધુ ઊંચાઈઓ પાર કરાવવી છે : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૧૫

મુખ્યમંત્રીએ જણાવ્યું છે કે આકાશમાં ઉંચે ઉડતી પતંગની જેમ ગુજરાતના વિકાસને પણ નવી ઊંચાઈઓ આપવી છે. ઉતરાયણ અને નવરાત્રી જેવા ઉત્સવોએ ગુજરાતને વૈશ્વિક ઓળખ આપી છે. તેમ તેઓએ ઉમેર્યુ હતુ.

અમદાવાદના ખોખરા અને પાલડી વિસ્તારમાં નગરજનો સાથે પતંગ ચગાવ્યા બાદ મુખ્યમંત્રીએ કહ્યું કે અમદાવાદના નગરજનો ઉત્સવપ્રેમી છે વળી પતંગોત્સવ તો અમદાવાદનો જ. તેઓએ વધુમાં જણાવ્યું કે ઘણા પતંગરસિકો સી.એ.એ.ના સમર્થન-સંદેશ આપતી પતંગ ચગાવી રહ્યા છે.

મુખ્યમંત્રીએ ઘાયલ પક્ષીઓની સારવાર માટેના રાજ્યવ્યાપી કરુણા અભિયાનની ભૂમિકા પણ આપી હતી. આ સંદર્ભે તેઓએ જણાવ્યું કે કરુણા અભિયાનની શરૂઆત પૂર્વે ૩૦ હજારથી વધુ પક્ષીઓ ઉત્તરાયણના પર્વે મૃત્યુ પામતા હતા જે સંખ્યા ઘટીને ૨ હજારની આસપાસ પહોચી છે.




મુખ્યમંત્રીએ કહ્યું કે પતંગોત્સવ જેવા તહેવારોને કારણે ગુજરાત વિશ્વ સ્તરે ચમકતું રહ્યું છે. વધુમાં મુખ્યમંત્રીએ સાંઘાઈ કોર્પોરેશન દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટીને આઠમી અજાયબી જાહેર કરાતા આનંદ વ્યક્ત કર્યો હતો.

મકરસંક્રાંતિની ઉજવણી વેળાએ શહેરના મેયર શ્રીમતી બીજલબેન પટેલ અને કોર્પોરેશનના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત ઘરની અગાશીઓ પર મોટી સંખ્યામાં નગરજનોએ રહી મુખ્યમંત્રીને અભિવાદીત કર્યા હતા.



ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા ઉત્તરાયણ પર્વ નિમિત્તે સે-૧૬ અંધશાળાના વિદ્યાર્થીઓ તેમજ સે-૧૩ ઝૂંપડપટ્ટીના ગરીબ વિદ્યાર્થીઓને પતંગ, ચિક્કી, ચોકલેટ, શેરડી તથા બોરનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવા કાર્યમાં મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલા, પ્રદિપસિંહ બિહોલા, તેજાભાઈ દેસાઈ, રાજેન્દ્ર પારેખ, કે.પી. સોલંકી, સી.કે. સોની, નરેશભાઈ પરમાર, વાસુદેવભાઈ સુથાર, મનુભાઈ પટેલ, ભાનુભાઈ મકવાણા, બી.એમ. ભરવાડે ખાસ હાજરી આપી હતી.

## શૌચાલયનું ભૂત ફરી ધુણ્યું...

# ડીસા તાલુકાના બુરાલ ગામના સરપંચ સસ્પેન્ડ

### ૬૨ થી વધુ શૌચાલય કાગળ ઉપર બન્યા : અન્ય ગામોમાં પણ તપાસની માંગ

ડીસા

કેન્દ્ર સરકારના સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત બનાસકાંઠા જિલ્લાના દરેક ગામોમાં ધરે ઘરે સરકાર દ્વારા શૌચાલય બનાવવાની યોજના અમલમાં મુકવામાં આવી હતી પરંતુ શૌચાલય યોજનામાં આચરાયેલ મસમોટો ભ્રષ્ટાચાર દિન પ્રતિદિન બહાર આવી રહ્યો છે કેટલાક ગામોમાં સરકારની શૌચાલય યોજના માત્ર કાગનો વાઘ પુરવાર થઈ છે ત્યારે ડીસા તાલુકાના બુરાલ ગામમાં લાભાર્થીઓને સરકાર દ્વારા શૌચાલયો બનાવવા માટેની કામગીરી ગામના સરપંચ હરપાલસિંહ દ્વારા કરવામાં આવી હતી જે કામગીરી અંતર્ગત સરપંચે ૬૨ જેટલા શૌચાલયો બનાવ્યા ના હોવા છતાં રેકર્ડ સાથે ચેડા કરીને કાગળ ઉપર શૌચાલય બતાવીને સરકારી નાણાંનો દુરુપયોગ કરાયો હોવાનું જાણવા મળ્યું હતું. જે બાબતે અરજદાર દ્વારા ૨/૮/૧૯ ના રોજ ડીસા તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલિસે તપાસ કરીને જિલ્લા વિકાસ અધિકારીને રિપોર્ટ કર્યો હતો જેથી જિલ્લા વિકાસ અધિકારીએ તાલુકા વિકાસ અધિકારીને તપાસનો આદેશ કરતા તપાસમાં ૬૨ થી વધુ શૌચાલય ના બન્યા હોવા છતાં ખોટા સહી સિક્કા કરી રેકર્ડ સાથે ચેડાં કરીને નાણાંનો દુરુપયોગ કરવામાં આવ્યો હોવાનું ખુલ્યું હતું. જેથી જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૫૭, ૧ ની જોગવાઈ અનુસાર સરપંચ હરપાલસિંહ વધુસીગ સોલંકીને તાત્કાલિક અસરથી સરપંચ પદેથી દુર કરવામાં આવ્યા છે.

ડીસા તાલુકાના અનેક ગામોમાં આવી જ રીતે કાગળ ઉપર શૌચાલય કૌભાંડ થવા પામેલ છે તો કેટલાક ગામોમાં સાચા ગરીબ લાભાર્થીઓને લાભ પણ આપવામાં આવ્યો નથી છતાં શૌચાલયના બીલો ઉધરીને સરકારી નાણાંની ગેરરીતિ આચરવામાં આવેલ છે ત્યારે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા તાત્કાલિક અસરથી ડીસા તાલુકામાં એક કમિટી બનાવીને ગામેગામ બનેલ શૌચાલયની તટસ્થ તપાસ કરવામાં આવે તો અનેક સરપંચો, ડે. સરપંચો અને સભ્યો સાથે તલાટીઓ પણ ઘરભેગા થઈ શકે તેમ છે.

## હાડ ધ્રૂજાવતી ઠંડી... ● છેલ્લા પાનાનું ચાલુ

તડકો હોવા છતાં ઠંડીનો કહેર જારી રહ્યો હતો. ઉત્તરાયણના દિવસે વાદળોનો ઘેરાવો દૂર થતાં પતંગ રસિયાઓને તો મોજ પડી હતી પરંતુ ઠંડી વધતા સાંજ પડતાં જ ઘણા ધાબાઓ ખાલી થવા માંડ્યા હતા. વડીલો ઘર બંધ કરી બેસી ગયા હતા તો યુવાનોએ અગાસી પર જ તાપણા સળગાવી ઠંડીથી છુટકારો મેળવવાનો પ્રયાસ કર્યા હતા. બપોર બાદ સુસવાટા મારતા પવનો શરૂ થતાં ઠંડીનો કહેર વધ્યો હતો. ઠંડી વધતા રાત્રે શહેરના માર્ગો પર ભીડ ઓછી થઈ ગઈ હતી. દ્વિ ચકી વાહનો પર નીકળતા વસાહતીઓ ગરમ વસ્ત્રોમાં સજ્જ દેખાઈ રહ્યા હતા. આકરી ઠંડીના કારણે લઘુત્તમ તાપમાન મોડી રાત્રે ૭.૭ ડિ.સે. નોંધાયુ હતુ. જ્યારે મહત્તમ તાપમાન ૨૫.૮ ડિ.સે. રહ્યુ હતુ. જ્યારે ભેજનું પ્રમાણ પણ સવારે ૮૨ ટકા અને સાંજે ૪૯ ટકા રહ્યુ હતુ.

## ઠંડી હજુ વધુ... ● છેલ્લા પાનાનું ચાલુ

ઉત્તર ગુજરાતના ભાગોમાં ન્યુનતમ તાપમાન ૭ ડિગ્રી સેલ્સીયસથી પણ નીચુ જવાની સંભાવના છે. આરાસુર, ડિસા, થરાદ, પાલનપુર, દાંતીવાડા, સમી, હારીજ, રાધનપુર, પાટણ, બેચરાજી અને ઈડરના ભાગોમાં સખત ઠંડી પડશે. ન્યુનત્તમ તાપમાન ૬ ડિગ્રી સેલ્સીયસથી પણ નીચુ જવાની સંભાવના રહેશે. કચ્છના નલીયા, નખત્રાણા, લખપતમાં સખત ઠંડી પડશે. પંચમહાલના ભાગો, ખેડા, પેટલાદ, વડોદરામાં પણ ન્યુનત્તમ તાપમાન ૧૨ ડિગ્રી સેલ્સીયસથી પણ નીચુ જવાની સંભાવના રહેશે. જૂનાગઢમાં ગીરનારના ભાગોમાં સખત ઠંડી પડશે. જાન્યુઆરી માસમાં જાન્યુ. તા. ૨૪ પહેલા પશ્ચિમી વિક્ષોપ પણ આવી શકશે. જેથી ઠંડીમાં થોડી વધઘટ રહે. જાન્યુઆરના અંત ભાગમાં પવન સાથે કેટલાક ભાગોમાં માવઠાની દહેશત રહે. ફેબ્રુઆરી માસમાં પણ સખત ઠંડી પડે. દેશી કપાસ તેમજ બિનપીયત ઉભા કૃષિ પાકોમાં હિમની અસર રહે. એટલે ઠંડી વખતે પીયત આપવુ સારૂ, બર્ફિલા પવનોની અસર ઉત્તર ગુજરાતના ભાગોમાં સવિશેષ રહે. અમદાવાદ, ગાંધીનગરમાં પણ બર્ફિલા પવનોની અસરથી ન્યુનત્તમ તાપમાન ગગડે.

# અમીરગઢના ધનપુરા ગામે અનઅધિકૃત રીતે પ્રસૂતિ કરાવવાના કારસ્તાનનો પર્દાફાશ

### પીએચસીના ફિમેલ હેલ્થ વર્કર દ્વારા રહેણાંક મકાનમાં પુત્રી અને પુત્રની મદદથી મહિલાઓની પ્રસૂતિ કરાવાતી હતી

#### સરકારી દવાનો જથ્થો ઝડપાયો

ગીતાબેન પઢીયારના રહેણાંક મકાનમાંથી સરકારી દવાઓ પેરાસીટામોલ સહિતનો સરકારી દવાનો જથ્થો પણ ઝડપાયો હતો. તેમજ બાયોમેડીક વેસ્ટ પણ મળી આવ્યો હતો. જિલ્લામાં આરોગ્ય સેવાઓનો વ્યાપ સુધારવા લેવાયેલ પગલાંથી કામચોર સેવકોમાં ફફડાટ પ્રસરી જવા પામ્યો હતો.

બનાસકાંઠા જિલ્લા આરોગ્ય અધિકારીએ અમીરગઢના ધનપુરા ગામે ગુરુવારે એસઓજીની ટીમ સાથે છટકું ગોઠવ્યું હતું. જ્યાં પીએચસીના ફિમેલ હેલ્થ વર્કર દ્વારા રહેણાંક મકાનમાં પુત્રી અને પુત્રની મદદથી મહિલાઓની નાણાં લઈ પ્રસુતિ કરાવાતી હોવાના કારસ્તાનનો પર્દાફાશ થતાં ભારે ચકચાર મચી જવા પામી છે. આ અંગે જિલ્લા વિકાસ અધિકારીના આદેશ મુજબ ત્રણેય સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

બનાસકાંઠા જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ફરજ બજાવતાં ડોક્ટરો, આરોગ્ય કર્મચારીઓ ફરજ ઉપર હાજર રહેતા નથી અને પોતાના ગામમાં ખાનગી પ્રેક્ટીસ કરતાં હોવાથી દર્દીઓને પારાવાર મુસ્કેલીઓ પડી રહી છે. જેમને ઝડપી લેવા માટે બનાસકાંઠા જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મનિષકુમાર ફેન્સી દ્વારા છેલ્લા એક માસથી ઓચિંતી તપાસ ચાલી રહી છે. જેમાં અધિકારીએ અમીરગઢના ધનપુરા ગામે ગુરુવારે એસઓજીની ટીમ સાથે છટકું ગોઠવ્યું હતું.

જ્યાં પીએચસીના ફિમેલ હેલ્થ વર્કર દ્વારા રહેણાંક મકાનમાં પુત્રી અને પુત્રની મદદથી મહિલાઓની પ્રસુતિ કરાવાતી હોવાના કારસ્તાનનો પર્દાફાશ થતાં ભારે ચકચાર મચી જવા પામી છે. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું કે, જિલ્લા વિકાસ અધિકારી અજય દહીયાની સૂચનાથી મળેલી ચોક્કસ બાતમીના આધારે બનાસકાંઠા એસઓજી પીઆઈ પાટડીયાને સાથે રાખી અમીરગઢના ધનપુરા ગામે છટકું ગોઠવ્યું હતું. જ્યાં ધનપુરા પીએચસીના મહિલા હેલ્થ વર્કર ગીતાબેન પઢીયાર તેમના રહેણાંક મકાનમાં મહિલાઓની નાણાં લઈને પ્રસુતિ કરાવતા હતા.

#### તાલુકા હેલ્થ ઓફિસર સામે પગલાં ભરાશે

ફેમેલ હેલ્થ વર્કર દ્વારા રહેણાંક મકાનમાં વર્ષે ૪૦૦ ઉપરાંત પ્રસુતિ કરવાઈ હોવાનું સામે આવ્યું છે. ત્યારે આ બાબતે અમીરગઢ તાલુકા હેલ્થ ઓફિસર ડો. મહેતા સામે પણ પગલાં ભરવામાં આવનાર છે.

**ધાનેરા નગરપાલિકા**

**ઓન લાઈન ટેન્ડર**

**જાહેર નિવિદા - ૨૦૨૦**

**(બીજો પ્રયત્ન)**

નગરપાલિકા ધાનેરા દ્વારા નગરપાલિકા વિસ્તારમાં રેઈન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ કરવા માટે ૧૪મા નાણાપંચની ગ્રાન્ટમાંથી કરેલ આયોજન મુજબ કુલ - ૮ (આઠ) યુનિટ માટે અંદાજિત રકમ રૂ. ૮.૨૦ લાખના કામ માટે આ પાણી પુરવઠા શાખાના પાઈપલાઈન રીપેરીંગ મજૂરી માલ-સામાનના કામ માટેના ભાવો માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન મંગાવવામાં આવે છે. વિગતવાર નોટીસ વેબસાઈડ **http ://nprocure.com** ઉપર તા. ૧૬-૧-૨૦૨૦ અને ત્યારબાદ જોઈ શકાશે અને ડાઉનલોડ કરી શકાશે. ધાનેરા નગરપાલિકા તમામ ટેન્ડરો સ્વીકારવા કે રિજેક્ટ કરવા અંગેનો પોતાનો અધિકાર અબાધિત રાખે છે. હાર્ડ કોપીમાં કામનું નામ તથા ડોક્યુમેન્ટ સ્વીકારવાની છેલ્લી તારીખ સ્પષ્ટ અક્ષરમાં લખવાની રહેશે.

| અનુ. | વિગત | તારીખ |
|---|---|---|
| ૧. | ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડ તારીખ | તા. ૧૬-૧-૨૦૨૦ થી તા. ૨૭-૧-૨૦૨૦ના રોજ ૧૮.૦૦ કલાક સુધી. |
| ૨. | ટેન્ડર ઓનલાઈન સબમિશન | તા. ૨૭-૧-૨૦૨૦ના રોજ ૧૮.૦૦ કલાક સુધી |
| ૩. | ટેન્ડર ફી, ઈએમડી (બાનામુક્તિ પ્રમાણપત્ર માન્ય રહેશે નહિ) અને અન્ય દસ્તાવેજો હાર્ડ કોપીમાં ચીફ ઓફિસર નગરપાલિકા, ધાનેરાના નામે સીલબંધ કવરમાં આર.પી.એ.ડી./ સ્પીડ પોસ્ટથી રજૂ કરવાની તારીખ | તા. ૨૯-૧-૨૦૨૦ સાંજે ૫.૦૦ કલાક સુધી |
| ૪. | ટેન્ડર ઓપનીંગ | તા. ૩૦-૧-૨૦૨૦ (સંભવિત) |

આ કામની વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીનો સંપર્ક સાધવાથી મળી શકાશે.

**એસ. એમ. અન્સારી**
મુખ્ય અધિકારી
નગરપાલિકા, ધાનેરા

**ઉગમબેન એમ. રાજપુત**
ચેરમેન
પાણી-પુરવઠા સમિતિ

**વસંતીબેન વી. ગલચર**
ઉપપ્રમુખ
નગરપાલિકા, ધાનેરા

**યુસુફખાન એમ. બેલીમ**
પ્રમુખ
નગરપાલિકા, ધાનેરા